ડીસા વિધાનસભા ક્ષેત્રના પ્રેસ મીડિયા ઈન્ચાર્જ તરીકે વરણી

ડીસા વિધાનસભા ક્ષેત્રમાં દૈવતભાઈ બારોટની પ્રેસ મિડિયા ઈન્ચાર્જ તરીકે નિમણુક કરાઈ છે. આગામી સમયમા વિધાનસભાની ચૂંટણી યોજાવાની છે ત્યારે ભારતીય જનતા પાર્ટી? દ્વારા બનાસકાંઠા જિલ્લાની ૮ વિધાનસભા મુજબ પ્રેસ મિડિયા ઈન્ચાર્જની? નિમણુક કરવામાં આવી છે ગુજરાત પ્રદેશ અધ્યક્ષ સી. આર. પાટીલની સૂચના અને માર્ગદર્શન હેઠળ પ્રદેશ મહામંત્રી અને ડીસા વિધાનસભાના ધારાસભ્ય શશીકાંતભાઈ પંડ્યા અને જિલ્લા અધ્યક્ષ ગુમાનસિંહ ચૌહાણ તથા ડીસા શહેર ભાજપ અને તાલુકા? ભાજપ સાથે પરામર્શ કરી ૮? વિધાનસભા વાઈઝ પ્રેસ મિડિયા ઈન્ચાર્જ અને સહ ઈન્ચાર્જની નિમણૂક કરવામાં આવી છે જેમાં ?૧૩ ડીસા વિધાનસભામાં પ્રેસ મિડિયાના ઈન્ચાર્જ તરીકે દૈવત આર. બારોટની નિમણૂક કરવામાં આવતા તેમના બહોળા મિત્ર વર્તુળ અને ભાજપ કાર્યકરોમાં ખુશાલી છવાઈ છે અને તેમને શુભેચ્છાઓની હેલી વરસી રહી છે.

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં રાડ પડાવતો બફારો

બાળકો, વૃદ્ધોને આરોગ્યને અસર, હોસ્પિટલો દર્દીઓથી ઉભરાઈ

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં છેલ્લા ૫ દિવસથી બફારાએ રાડ પડાવી દીધી છે. એકાએક બફારો વધતાં વિજ વપરાશમાં દોઢ ગણો વધારો થયો છે. જ્યારે બાળકો, વૃદ્ધોના આરોગ્યને ભયંકર બફારાના કારણે અસર થઈ છે. જેના કારણે હોસ્પિટલો દર્દીઓથી ઉભરાવવા લાગી. જિલ્લામાં છેલ્લા ૩ દિવસથી પરોઢે કાળા ડીબાંગ વાદળો અને ગરમીમાં થોડી રાહત પરંતુ બફારાએ પ્રજાના સુખ-શૈન છીનવી લીધા જેવી સ્થિતિ છે. આલીશાન બંગલામાં રહેતા લોકો પણ હવે ઝાડના છાંયડા શોધતા થઈ જાય તેવી સ્થિતિ પ્રવર્તિ રહી છે. જિલ્લામાં તાપમાનનો પારો ૪૦ થી ૪૧ ડિગ્રી સ્થિર રહ્યા પછી પ્રજાને ગરમીમાં રાહત મળી પરંતુ બફારાએ જિલ્લાની ૨૭ લાખની માનવ વસતી પરસેવે રેબઝેબ થઈ રહી છે. એકાએક બફારો વધતાં જિલ્લામાં ગમે તે ઘડીએ વરસાદના આગમનની શક્યતા જોવાય છે પરંતુ છેલ્લા ૪ દિવસથી બફારા છતાં પણ વરસાદનું ટઅ વરસ્યું નથી. દિવસ દરમ્યાન ગરમીમાં બફારો અને સાંજ ઢળતાં ઠંડા પવન શરુ થઈ જાય છે. શુક્રવારે જિલ્લામાં એટલી હદે બફારો હતો કે લોકોના જણાવ્યા અનુસાર ઝાડનું પાંદડું પણ હલતું ન હતું. બફારાએ માનવ આરોગ્યને રીતસરનું બાનમાં લીધા જેવી સ્થિતિ છે. જ્યારે શ્રમજીવીઓ માટે બફારો મરણતોલ બની રહે તેવી આશંકા વ્યક્ત થઈ રહી છે.

બનાસકાંઠા જિલ્લાના પુરવઠા માલગોડાઉન અને સસ્તા અનાજની દુકાનની તપાસ માટે કેન્દ્રની ટીમ

રાજ્યના સરહદી જિલ્લા બનાસકાંઠામાં પુરવઠા માલગોડાઉન અને સસ્તા અનાજની દુકાનની તપાસ માટે કેન્દ્રની ટીમ બ.કા. આવી હતી. જેમણે પાલનપુર દાંતીવાડા અને દાંતા તાલુકામાં સ્થાનિક અધિકારીઓ સાથે પહોંચી ગ્રાહકોના પ્રતિભાવો મેળવ્યા હતા. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી.જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદો-૨૦૧૩ અંતર્ગત લાભાર્થીઓને વ્યાજબી ભાવે અનાજ પુરૂ પાડી અન્ન સલામતિ આપવાના ભાગરૂપે ગુજરાત રાજય માટેના મોનીટરીંગ ઈન્સ્ટીટયુટ તરીકે Centre For Development Communication & Studies, જયપુર રાજસ્થાનના ડો. ઉપેન્દ્ર કે.સિંઘની નોડલ અધિકારી છે. જેઓ તેમની ટીમ અને નિયામક, અન્ન અને નાગરિક પુરવઠા, ગાંધીનગરની ટીમએ જિલ્લા પુરવઠા ટીમને સાથે રાખી બુધ અને ગુરુવારે દાંતીવાડા તેમજ પાલનપુરની વ્યાજબી ભાવની દુકાનોની મુલાકાત કરી ગ્રાહકોના પ્રતિભાવો મેળવ્યા હતા. દુકાનો ઉપરાંત ગુજરાત નાગરિક પુરવઠા નિગમના દાંતીવાડા તથા દાંતા ખાતે આવેલ ગોડાઉનની પણ કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી.

કૂતુહલ..! : સુઈગામના કોરેટી તળાવનું પાણી ૭ દિવસથી ગુલાબી

સુઈગામથી ૧૦ કિલોમીટર દૂર આવેલા કોરેટી ગામ ચર્ચામાં છે. નજીકના ગામ તળાવના પાણીનો રંગ ગુલાબી થતાં ગ્રામજનોમાં કૂતુહલ સર્જાયું છે. કેટલાક ગ્રામજનો આ ઘટનાને ચમત્કારમાં ખપાવી રહયા છે, કેટલાક ક્ષારના કારણે પાણીનો રંગ બદલાયો હોવાનું જણાવી રહ્યા છે. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના બ્યુરો ચીફ શ્રી ગણપતલાલ કે. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે ,આમતો ગામના તળાવનું આ પાણી એ રંગ બદલવાની શરૂઆત ૧૨થી૧૫ દિવસ પહેલા કરી હતી અને ધીરે ધીરે ગુલાબી રંગ સમાહથી દેખાતો થયો. સૌથી પહેલા તળાવની નજીક રહેતા પ્રવિણભાઇ રાજપુત નામના યુવકે તળાવનું પાણી ગુલાબી જોયું. થોડા દિવસ પછી તે નોર્મલ થઈ જશે તેમ લાગ્યું પરંતુ પ્રવીણે શુક્રવાર સવારએ તળાવનો વિડીયો વાઇરલ કર્યો, આજુબાજુના ગામના લોકો પણ આ ગુલાબી તળાવનો વિડીયો જોઈ ચોંકી ઉઠ્યા. કોરેટી ગામના કેટલાક ગ્રામજનો તળાવના પાણીનો રંગ બદલવા પાછળ તળાવના કિનારે બિરાજમાન નીલકંઠ મહાદેવનો ચમત્કાર માની રહ્યા છે, આ અંગે ગામ અગ્રણી ઉમેદદાનજી ગઢવીએ જણાવ્યું હતું કે " કોરેટી ગામ તળાવમાં પાણીનો રંગ બદલાયો એ ઘટનાને ચમત્કાર માની લેવાય નહિ, ૨૦૧૫ અને ૨૦૧૭ માં આવેલા પુર બાદ ગામ તળાવમાં ક્ષાર આવતાં તળાવનું પાણી ખારું થઈ ગયેલું છે, તળાવમાં આખા ગામનું ઘર વપરાશનું પાણી અમે વાળતા હતા. જોકે એક મહિનાથી ઘર વપરાશનું પાણી બંધ કર્યા બાદ સપ્તાહથી પાણીનો રંગ ગુલાબી થયો છે. જે ક્ષારના કારણે થયો હોવાનું માની શકાય. તો બીજીતરફ સુઈગામ તાલુકા વિકાસ અધિકારી કે.એ.ભાટિયા એ જણાવાયું હતું કે અમને તળાવ અંગેની માહિતી મળી છે. ટીમ મોકલી તપાસ કરાવી પાણીના સેમ્પલ તપાસ અર્થે મોકલીશું. જોકે જમીન તપાસણી એક્સપર્ટ એ જણાવ્યું હતું કે ""આ સ્વાભાવિક ઘટના છે. તળાવમાં સાબુ સહિતનું અલ્કાઈન માટીમાં નિયમિત ભળતું હશે અને માટીના પ્રભાવના કારણે અચાનક આવું આલ્કાઈન મળવાનું બંધ થવાના લીધે ક્યારેક લાઈટ ગુલાબી રંગ પકડી લેતું હોય છે જેને કેમિકલ રિએક્શન કહી શકાય."

અરવલ્લીમાં વિજ ગ્રાહકો પાસેથી ખોટી રીતે રીકનેકશન ચાર્જ પેટે યુ.જી.વી.સી.એલ.નું ઉઘરાણું

સરડોઈના વિજ ગ્રાહકોના વિજ કનેકશન કપાયાં નથી છતાં રુ ૧૧૮નો ચાર્જ વસુલ્યો

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૧૧

અરવલ્લી જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોના વિજ ગ્રાહકો પાસેથી યુ.જી.વી.સી.એલ. દ્વારા ખોટી રીતે રીકનેક્શન ચાર્જનું ઉઘરાણું થઈ રહ્યું છે. તાલુકાના સરડોઈના અનેક વિજ ગ્રાહકોના વિજ કનેક્શન કપાયાં ન હોવા છતાં વિજબીલ ભરવા ટાણે તંત્રએ રુ ૧૧૮નાં રીકનેક્શન ચાર્જ વસુલતા ગ્રાહકો સમસમી ઉઠ્યા છે. ખુલ્લેઆમ



યુ.જી.વી.સી.એલ.ચાર્જના નામે ગ્રાહકોને ખંખેરી રહ્યું હોવાથી કેટલાક ગ્રાહકો તંત્રને કોર્ટમાં ઢસડી જવા માટે તૈયાર થયા છે.

યુ.જી.વી.સી.એલ. દ્વારા ગ્રાહકોને વિજ વપરાશનાં બીલ દર ૨ મહિને આપવામાં આવતાં હોય છે પરંતુ મોડાસા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં વિજ બીલ બનાવવા સમયે જવાબદાર અધિકારી આંખો બંધ કરી દેતા હોવાથી ૪-૪ મહિને ગ્રાહકોને વીજળીના બીલ મળતાં હોય છે તેમાંય બીલ જ મળ્યું ન હોય અને પાછળથી બીલ આવે તે સમયે ગ્રાહકો નાણાં ભરે તે સમયે ભૂલ તંત્રની છતાં ચાર્જ ગ્રાહકોને ભોગવવા પડતાં હોય છે. અરવલ્લીના અનેક ગ્રામ્ય વિસ્તારોમાં ૪ મહિના પછી ગ્રાહકોને વીજળીનાં બીલ મળ્યા પછી જ્યારે ભરવા ગયા ત્યારે વિજ કનેક્શન કપાયા વગર રુ ૧૧૮ના તંત્રએ રીકનેક્શન ચાર્જ વસુલી લેતાં વિજ ગ્રાહકોમાં રોષ વ્યાપ્યો છે. મોડાસા તાલુકાના સરડોઈમાં પણ આ જ રીતે નિયમિત વિજબીલ ભરનારા ગ્રાહકોને ૪ મહિના પછી વીજળીનું બીલ મળ્યું હતું જેથી મોડાસા યુ.જી.વી.સી.એલ.ની કચેરીમાં ભરવા ગયા તે સમયે તંત્રએ વિજ કનેકશન કપાયા વગર ૧૧૮નો ચાર્જ વસુલી લીધો છે. સરડોઈના લક્ષ્મણભાઈ શિવરામ નાયકના વિજ મીટરનું બીલ ૪ મહિને ર ૨૧૪૨ આવ્યું હતું જેમાં વીજળીનું કનેક્શન કપાયું ન હોવા છતાં ગ્રાહક જ્યારે મોડાસાની કચેરી ખાતે વીજળીનું બીલ ભરવા ગયા તે સમયે રીતે ખોટી રીતે રુ ૧૧૮ રીકનેકશન ચાર્જ વસુલવામાં આવતાં ગ્રાહક સમસમી ઉઠડ્યા છે. આ પ્રકારે ગામમાં અનેક વિજ ગ્રાહકોને વીજળીના બીલ ૪ મહિના પછી મળ્યા પછી ભરવા સમયે રીકનેકશન ચાર્જ વસુલવામાં આવ્યો હોવાથી રોષે ભરાયેલા ગ્રાહકોએ તંત્રને કોર્ટમા ઢસડી જવાનું મન બનાવી લીધું છે. યુ.જી.વી.સી.એલ. દ્વારા યેનકેન પ્રકારે ગ્રાહકોને લૂંટવાનું શરુ કરવામાં આવ્યું હોય તેમ ગ્રામ્ય વિસ્તારના ગ્રાહકોના માથે હમણાંથી વીજળીનું જોડાણ કપાયું ન હોય અને નિયમિત વિજબીલ ભરવામાં આવતું હોવા છતાં રીકનેક્શન ચાર્જ વસુલવામાં આવી રહ્યો છે.

ડેપ્યુટી ઈજનેરે ફોન ઉપાડવાનું ટાળ્યું

અરવલ્લીના ગ્રામ્ય વિસ્તારોમાં ૪ મહિના પછી વિજ ગ્રાહકોને વીજળીનું બીલ મળ્યા પછી બીલ ભરવા સમયે મોડાસાની કચેરી દ્વારા રીકનેકશન ચાર્જના નામે રુ ૧૧૮નું ખોટી રીતે ઉઘરાણું કરવામાં આવતાં ગ્રાહકો સમસમી ઉઠ્યા છે. મોડાસા યુ.જી.વી.સી.એલ.ના ડેપ્યુટી ઈજનેર એમ.ડી.હારીનો આ અંગે સંપર્ક કરતાં ફોન ઉપાડવાનું ટાળી દીધું હતું.

મોડાસા ટાઉન પોલીસે નેત્રમ કેમેરાની મદદથી બાઈક ચોરીનો ભેદ ઉકેલ્યો: બાઈક ચોરને સંતરામપુરથી ચોરીની બાઈક સાથે દબોચ્યો

મોડાસા, તા. ૧૧

રાજ્યમાં નેત્રમની મદદથી ગુન્હા ઉકેલવામાં ત્રીજા ક્રમે રહેલી અરવલ્લી પોલીસે વધુ એક વાર નેત્રમ સીસીટીવી કેમેરાની મદદથી મોડાસા શહેરના પાન પાર્લર આગળથી થયેલી બાઈક ચોરીના ગુન્હાનો ભેદ ઉકેલી નાખી સંતરામપુર મોટી ક્યારા ગામના બાઈક ચોર દિનેશ બાબુ તાવીયાડને મોડાસા ટાઉન પોલીસે સંતરામપુરથી ચોરીની બાઈક સાથે દબોચી લઈ જેલના સળિયા

પાછળ ધકેલી દીધો હતો

મોડાસાના કોટ વિસ્તારમાં રહેતા અને પાર્લર ચલાવતા મોહંમદ ફયાઝ નગદાનું બાઈક ચોરાતા ટાઉન પોલીસે બાઈક ચોરીની ફરિયાદ નોંધાવતા ટાઉન પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કરી નેત્રમ કેમેરાની મદદ લેતા બાઈક ચોર નેત્રમ કેમેરામાં કેદ થયો હતો ચોરી કરેલી બાઈક સાથે દિનેશ તાવીયાડ ચાર રસ્તા થી સહયોગ ચોકડી પસાર કરી માલપુર તરફ જતા પોલીસે અન્ય સીસીટીવી કેમેરા અને હ્યુમન ઈન્ટેલિજન્સના સહારે બાઈક ચોર દિનેશ બાબુ તાવીયાડ (રહે, મોટી ક્યારા, સંતરામપુર-મહીસાગર) ને સાંતરામપુર થી બાઈક સાથે ઝડપી પાડી ગુન્હાનો ભેદ ઉકેલી નાખ્યો હતો.

નેત્રમ કેમેરાની મદદથી ટાઉન પોલીસે વીસ હજાર રૂપિયાની બાઈક ચોરીના ગુન્હાનો ભેદ ઉકેલી નાખવામાં સફળતા મળી હતી.

સાબરકાંઠા - અરવલ્લીની ૩૧૦૦ શાળા-મહાશાળાઓમાં સોમવારથી નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ...

છેલ્લી ઘડીએ સ્કુલ ડ્રેસ અને સ્ટેશનરી ખરીદવામાં વાલીઓનો ભારે ધસારો

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૧૧

સાબરકાંઠા-અરવલ્લીની શાળા-મહાશાળાઓમાં તા.૧૩ના રોજ પ્રથમ શૈક્ષણિક સત્રનો પ્રારંભ થતો હોઈ છેલ્લા ૩૫ દિવસથી શાંત બની રહેલી ૩૧૦૦ શાળા-મહાશાળાઓ બાળકોના કલરવથી ફરીથી ગુંજી ઉઠશે જ્યારે ઉપલા ધોરણમાં પ્રવેશ સાથે જિલ્લાના ૪.૮૫ લાખથી પણ વધુ બાળકો સોમવારે અભ્યાસના શ્રી ગણેશ કરનારા હોઈ પ્રથમવાર સ્કુલના ઉબરે પગ મૂકનારા ભૂલકાંઓના પરિવારમાં લગ્નસરા જેવો માહોલ સર્જાયો છે. સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં ચોમાસું ક્યારે બેસે છે તેની આતૂરતાપૂર્વક રાહ જોવાય છે. સોમવારથી જિલ્લાના સરકારી-ખાનગી, બાલમંદિરો-આંગણવાડી કેન્દ્રો, પ્રાથમિક શાળાઓ તથા હાઈસ્કુલોમાં નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થતો હોઈ છેલ્લા દિવસો સુધી પાઠ્ય પુસ્તક બજારોમાં પુસ્તકો તથા નોટબુકો ખરીદવા માટે છેલ્લી ઘડીએ ભીડ જામી હતી. જિલ્લામાં ગત વર્ષની સરખામણીએ આ વર્ષે પણ સ્ટેશનરીમાં થયેલો ભાવ વધારો મધ્યમ-ગરીબ વર્ગના વાલીઓ માટે અસહ્ય જણાઈ રહ્યો છે. જિલ્લાની ૨૩૦૦ સરકારી પ્રાથમિક શાળાઓ, ૩૧૬ ઉપરાંત ખાનગી પ્રાથમિક શાળાઓ તેમજ ૫૫૪ હાઈસ્કુલોમાં શૈક્ષણિક કાર્યનો પ્રારંભ થતો હોઈ જિલ્લામાં ધો.૧૦ના એકંદરે નબળા અને ધો.૧૨ બોર્ડના સારા પરિણામની અસરો પ્રથમ દિવસથી જ અનેક સંકુલોમાં દેખાશે અને જે સ્કુલોના નબળા પરિણામ આવ્યા છે તેવી સ્કુલોને વિદ્યાર્થીઓ માટે મોટી મુશ્કેલી ન સર્જાય તો જ નવાઈ. જિલ્લામાં નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થતાં શાળાઓ શરૂ થવાને લીધે હવે એક સ્થળેથી બીજા સ્થળે વિદ્યાર્થીઓની હેરાફેરી કરતા વાહન ચાલકોને પણ નિયમિત રોજગારીની શરૂઆત થશે.

એવરેસ્ટ જીનીંગના ૮ સેમ્પલનો રિપોર્ટ પેન્ડીંગ

વડાલીની ૩ જીનીંગમાંથી મળી આવેલા કપાસના બિયારણમાંથી એચ.ટી. પોઝિટિવ મળતાં ગમે તે સમયે પોલીસ ફરિયાદ ફરિયાદ

મામલે અધિકારીઓમાં તડાં પડ્યાની ચર્ચા, મામલો દબાવી રાખવા કોર્ટમાં જવાની ધારણા

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૧૧

વડાલીની ૩ જીનીંગમાંથી મળી આવેલા શંકાસ્પદ બિયારણના જથ્થામાંથી લેવાયેલા સેમ્પલ પૈકી ૧૨ સેમ્પલમાં હર્બસાઈટ ટોલરન્સ(એચ.ટી.) પોઝિટિવ આવતાં ઉત્પાદકો સાણસામાં આવ્યા છે. રિપોર્ટ આવ્યાના ૩ દિવસ પછી પણ પોલીસ ફરિયાદ ન થતાં અધિકારીઓમાં તડાં પડવાની ચર્ચા છે. મામલો દબાવી રાખવા કોર્ટમાં જવાની સાજીશ થઈ શકે છે. જ્યારે એવરેસ્ટ જીનગના ૮ સેમ્પલનો રિપોર્ટ હજુ જાહેર થયો નથી.

પ્રાપ્ત જાણકારી અનુસાર વડાલીની વિશ્વાસ જીનીંગ, યોગેશ્વર જીનીંગ અને આનંદ જીનીંગમાંથી કુલ-૨૬ સેમ્પલ લેવામાં આવ્યાં હતાં તે પૈકી ૧૨ સેમ્પલમાં એચ.ટી. રિપોર્ટ પોઝિટિવ આવતાં સરકારની મંજૂરી વગરના બિયારણ ઉત્પાદનનો ભાંડો ફૂટી ગયો છે. આવું બિયારણ પેદા કરવા સામે કાયદાકીય રીતે સદ્ધ જોગવાઈ કરેલી છે. ગાંધીનગરની ખેતી વિભાગની સરકારી લેબમાંથી રિપોર્ટ જિલ્લા કચેરીને મળ્યા પછી તાત્કાલિક ઉત્પાદકો સામે પોલીસ ફરિયાદ કરવાના બદલે મામલો જે રીતે દબાવવાના પ્રયાસ થઈ રહ્યા છે તે જોતાં ખેતી વિભાગના અધિકારીઓ દબાણ હેઠળ કામ કરતા હોય તેવી ચર્ચા શરૂ થઈ છે. ભૂતકાળમાં જિલ્લામાં ખેતી અધિકારી(ગુણવત્તા) દ્વારા જે તે તાલુકામાંથી બિયારણમાં એચ.ટી. પોઝિટિવ મળ્યું તેવા વેપારીઓ સામે પોલીસ ફરિયાદ કરવામાં આવી હતી પરંતુ ૪૩ કરોડના શંકાસ્પદ કપાસ બિયારણનો જથ્થો ઝડપાયા પછી પણ રિપોર્ટ એચ.ટી. પોઝિટિવ છતાં શા માટે જીનર્સોને છાવરવામાં આવી રહ્યા છે તે પ્રજા અને ખેડૂતોને સમજાતું નથી.

૧૨ સેમ્પલ પોઝિટિવ...

વડાલીની ૪ જીનીંગમાંથી શંકાસ્પદ કપાસના બિયારણમાં બીટી અને એચ.ટી. પોઝિટિવ છે કે કેમ તેના સેમ્પલ લેવામાં આવ્યા હતા તે પૈકી ૨૬ સેમ્પલનો રિપોર્ટ જાહેર થયો જેમાં ૨૪માં બીટી અને ૧૨માં એચ.ટી. પોઝિટિવ આવ્યું છે.

એચ.ટી. પોઝિટિવ આવ્યા છે તેવા ૧૨ સેમ્પલમાં...

જીનીંગ	પોઝિટિવ રિપોર્ટ
આનંદ જીનીગ	૦૭
યોગેશ્વર જીનીંગ	૦૩
વિશ્વાસ જીનીંગ	૦૨

જીનર્સને નોટિસ આપી કાર્યવાહી થશે - ખેતી વિભાગ જોઈન્ટ ડાયરેક્ટર

રાજ્યના ખેતી વિભાગના જોઈન્ટ ડાયરેક્ટર(ગુણવત્તા) જે. બી. ઉપાધ્યાયે જણાવ્યું કે બીટી અને એચ.ટી. રિપોર્ટ પોઝિટિવ આવ્યા પછી જીનર્સને નોટિસ આપીને વિગતો માંગવામાં આવશે અને ત્યાર પછી કાર્યવાહી કરવામાં આવશે તેમજ જે પણ કોઈ ગુનેગારો હશે તેમની સામે સમ કાર્યવાહી થશે.

ભારતની એક પણ નદી કે પર્વતનું નામ મુસ્લિમ હોય તો બતાવો?

થર્ડ અમ્પાયરની દ્રષ્ટિએ...??

બાયડ તા.૧૧

ભારત એક એવું રાષ્ટ્ર કે જેની સભ્યતા એક હિન્દૂ સંસ્કૃતિ સાથે જોડાયેલી છે. આદિ અનાદિકાળથી આ સભ્યતા ચાલી રહેલી છે , આ સભ્યતાના મૂળ ૨૦૦ કરોડ વર્ષ જુના છે.... હાલમાં જે મુસ્લિમ, ઈસાઈ ની સભ્યતા જોવા મળે છે તેને માંડ ૨૦૦૦ વર્ષ ઈસાઈ અને ૧૪૦૦ વર્ષ મુસ્લિમને થયા હશે!! હિન્દૂ સભ્યતાના ૫૦૦૦ વર્ષ જુના પુરાવા આજે સરકારના પુરાતત્વ વિભાગ જોડે જોવા મળે છે... ભારતની હિન્દૂ સંસ્કૃતિ પૃથ્વી ઉતપતિકાળથી છે અને ભારતની નદીઓ કે પર્વતો સહિતની પ્રકૃતિ પણ તેમની સભ્યતા પ્રમાણેના નામથી જ ઓળખાય તે સ્વાભાવિક છે!!

આજકાલ સોસીયલ મીડિયામાં પોસ્ટ ફરી રહી છે કે ભારતની એક પણ નદીનું નામ મુસ્લિમ સભ્યતાનું નથી.... અરે ભાઈ આ હોઈ જ ન શકે કારણકે નદી કે પર્વત એ આજના થોડા છે??? પૃથ્વીની સાથે સાથે જ નદી પર્વત કુદરતે બનાવ્યા છે!! ૨૦૦ કરોડ વર્ષ જૂનું હિંદૂ સભ્યતાનું નામ ૧૪૦૦ વર્ષમાં બદલાઈ જાય ?? એ તો અયોધ્યામાં ૧૦૦૦૦ વર્ષ જુના શ્રીરામના જન્મભૂમિ સ્થળનો ૮૦૦ વર્ષ જુના બાબર માટે વિવાદ કરનારાઓએ ભારતનો ઈતિહાસ શાંતિથી સમજવો જોઈએ...

ભારતની નદી કે પર્વત તો શું એક એક ઈન્ટ કે માટીના કણ કણમાં ઓમ નમઃ શિવાહ ની ગુંજ ગાજતી હોય છે... યુરોપ, અમેરિકા, આફ્રિકા કે ઓસ્ટ્રેલિયા ખંડમાં તો માનવ વસવાટ પણ બહૂજ પાછળથી થયો છે જ્યારે ભારતવર્ષની ભૂમિ ઉપર માનવ વસવાટ પૃથ્વી ઉતપતિકાળથી જ છે!! જે સંસ્કૃતિ આદિ અનાદિકાળથી ચાલી આવી છે તેને સુરક્ષિત રાખવાની ફરજ આપણા બધાની છે જ્યારે સરકારની સવિશેષ જવાબદારી છે કે તે આ સત્યને આવનાર પેઢીઓ માટે સુરક્ષિત રાખે!!

વર્તમાન ભારતની સૌથી મોટી કમનસીબી એ છે કે કેટલાક રાજકીય પક્ષ જે ભારતનું શાસન કરવા અધીરા બનીને બેઠા છે તેઓ જ શ્રીરામ અને મહાદેવ ઉપર પ્રશ્નાર્થ ચિહ્ન લગાવીને બેઠા છે!! ભારત માટે આનાથી વધુ દુઃખદ બાબત કઈ હોઈ શકે?? ભારતમાં અસુરક્ષિતતા છે તેવા ગાણા ગાઈને ભારતને નીચું બતાવવાનો પ્રયાસ કરનારાઓએ વિશ્વના બીજા દેશોનો અભ્યાસ કરવો જોઈએ કે ત્યાં લોકો કેટલા સુરક્ષિત છે??? ભારતમાં મુસ્લિમો કે ઈસાઈ અસુરક્ષિત હોય તો પાકિસ્તાન અને અફઘાનિસ્તાન જેવા મુસ્લિમ રાષ્ટ્રોનો ભુતકાળ અને વર્તમાન જોવા જાણવા એક મુલાકાત અવશ્ય લેવી જોઈએ....

જિલ્લામાં એસ.ટી. બસ ઈંધણ વગર રસ્તામાં ખોટકાઈ પડવાની દહેશત વધી

કંપનીઓએ ડીઝલ પંપ સંચાલકોના જથ્થા ઉપર ૫૦ ટકા સુધી કાપ લાદ્યો

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૧૧

ઉંચા ભાવના કારણે જથ્થાબંધ ડીઝલની ખરીદીમાં ઓટ આવ્યા પછી કંપનીઓએ પંપ સંચાલકોના ડીઝલના જથ્થા ઉપર ૫૦ ટકા સુધી કાપ મૂક્યો છે. જ્યારે એસ.ટી. નિગમે પણ કન્ઝયુમર ડીઝલ ખરીદવાનું શરુ કરતાં ખાનગી પંપ ઉપર કતાર લાગતી હતી પરંતુ હવે બી.પી.સી. અને એચ.પી.સી. કંપનીએ જથ્થાબંધ ગ્રાહકોની ડીઝલ આપવા ઉપર પાબંધી ફરમાવતાં જિલ્લામાં એસ.ટી. બસ ઈંધણ વગર રસ્તામાં ખોટકાઈ પડવાની દહેશત વધી છે.

ખોટનો મહાસાગર બનેલા એસ.ટી. નિગમમાં માંડે માંડે પણ કરકસરનાં પગલાં ભરવા ઉપર કોઈએ મક્કમતા દર્શાવી, જથ્થાબંધ ડીઝલના બજાર ભાવ અત્યારે ૧૦૫ થી ૧૨૫ સુધી છે તેની સરખામણીએ કન્ઝયુમર ડીઝલનો ભાવ પ્રમાણમાં ઓછો રહેતાં એસ.ટી.ને ૧ લીટર દીઠ ર ૨૦ થી ૨૫નો ફાયદો થતાં એસ.ટી. વિભાગ દ્વારા છેલ્લા ૨ મહિનાથી ખાનગી પંપો પાસેથી ડીઝલ ખરીદવાનું શરુ થયું. જેના કારણે ડીઝલ પંપો અને શહેરી વિસ્તારોમાં ટ્રાફીકજામના દ્રશ્યો જોવા મળતા હતા. પરંતુ હવે બી .પી .સી. અને એચ.પી.સી. કંપનીએ પંપના સંચાલકોની માંગના જથ્થામાં ૫૦ ટકા સુધીનો કાપ મૂકતાં અને એસ.ટી.ને ડીઝલ આપવા ઉપર મનાઈ ફરમાવતાં રાજ્ય સહિત સાબરકાંઠા ડીવીઝનના ૮ ડેપોની ૫૪૦ થી વધુ એસ ટી બસોને ડીઝલ મેળવવા નવા સ્થાન શોધવા પડે તેવી સ્થિતિ છે. જે કંપનીઓ સામે ખાનગી પંપ માલિકો ઝકી જશે તો એસ.ટી. બસને ઈંધણ નહીં મળે અને આ સંજોગોમાં પૈડાં થંભી જવાની પણ શક્યતા જોવાઈ રહી છે.

નૂપુર શર્મા વિવાદ : મોડાસા ટાઉન પોલીસે મુસ્લિમ અગ્રણીઓ સાથે શાંતિ સમિતિની બેઠક યોજી

નૂપુર શર્મા સામે ફરિયાદ નોંધવા અરજી

મોડાસા, તા. ૧૧

ભાજપની પૂર્વ પ્રવક્તા નૂપુર શર્માએ એક ટીવી ડિબેટ દરમ્યાન હજરત મોહમ્મદ પયગંબર પર વિવાદિત ટિપ્પણી કરતા દેશભરમાં મુસ્લિમ સમાજ દ્વારા વિરોધપ્રદર્શન કરવામાં આવી રહ્યું છે. ઘણી જગ્યાએ વિરોધ હિંસામાં પણ તબદિલ થયો છે. નૂપુર શર્મા સામે સખત પગલાં લેવાની માગ કરવામાં આવી રહી છે. ત્યારે જીલ્લા જીઁ સંજય ખરાતે મોડાસા શહેર સહીત અરવલ્લી જીલ્લામાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને અને શાંતિ અને ભાઈચારો જળવાઈ રહે તે અંગે સતર્ક બની ટાઉન પીઆઈ ફાલ્ગુની રાઠોડને સૂચના આપતા ટાઉન પોલીસ સ્ટેશનમાં મુસ્લિમ અગ્રણીઓ સાથે શાંતિ સમિતિ બેઠક યોજી હતી મુસ્લિમ સમાજના અગ્રણીઓએ નૂપુર શર્મા સામે ફરિયાદ નોંધવામાં આવેની માંગ કરી અરજી આપવામાં આવી હતી.

મોડાસા શહેર સહીત અરવલ્લી જીલ્લામાં નૂપુર શર્માના નિવેદનથી લઘુમતી સમાજના લોકોમાં ભારે રોષ પ્રવર્તી રહ્યો છે શનિવારે નગર પાલીકાના કોર્પોરેટર અને સામાજિક અગ્રણી મોહમ્મદ સોહેબ ઉર્ફે લાલાભાઈ મુસાભાઈ જેથારાએ તેમના નામજોગ ટાઉન પોલીસ સ્ટેશનમાં નૂપુર શર્મા સામે ફરિયાદ નોંધવા માટે અરજી આપી હતી ટાઉન પોલીસ સ્ટેશનમાં મુસ્લિમ સમાજના અગ્રણીઓ પહોચીં નૂપુર શર્મા સામે ફરિયાદ નોંધી શપ્ત કાર્યવાહી કરવામાં આવેની માંગ કરી હતી

મોડાસા ટાઉન પીઆઈ એફ.એલ.રાઠોડે મુસ્લિમ અગ્રણીઓની રજુઆત સાંભળી તેમની સાથે શાંતિ સમિતિની બેઠક યોજી હતી અને મોડાસા શહેરમાં સૌહાર્દ ભર્યું વાતાવરણ જળવાઈ રહે અને કોમી-એકતા અકબંધ રહે તે માટે ચર્ચા કરી હતી.